ગાંધીનગર સમાચાર

## અપ્રમાણસર ફી વસૂલવા સામે એનએસયુઆઈ આંદોલન કરશે



સાઉલ ફોર ડાન્સ : ગાંધીનગર સ્ટાર ડાન્સ એકેડમી દ્વારા ટાઉનહોલ ખાતે સાઉલ ફોર ડાન્સનો કાર્યક્રમ યોજાયો હતો. વૈવિધ્યપૂર્ણ ડાન્સનો પરર્ફોમન્સને પ્રેક્ષકોએ મન ભરીને માણ્યું. મમ્મીઓના ડાન્સને સાર્વત્રિક આવકાર સાંપડ્યો હતો. બેટીઓની સાથે મમ્મીઓના ડાન્સથી પ્રેક્ષકોમાં ભારે ઉત્તેજનાસભર આનંદનો માહોલ છવાયો હતો. આ પ્રસંગે સંગીત નાટક અકાદમીના ચેરમેન યોગેશભાઈ ગઢવી સહિત સાંસ્કૃતિક ક્ષેત્રના ગણમાન્ય અગ્રણીઓ ઉપસ્થિત રહ્યા હતા.

# ધાનેરામાં બાંધકામ અંગેની આરટીઆઈની વિગતો આપવાના કલેક્ટરના હૂકમને પાલિકાતંત્ર ઘોળીને પી ગયું

## પાલિકાના બાંધકામ શાખાના કર્મચારીની મનમાનીથી રોષ

પાલનપુર, તા. ૩

બનાસકાંઠા જિલ્લાના સરહદી ધાનેરામાં ઘણા સમયથી નગરપાલિકા વિસ્તાર અને બહાના વિસ્તારોમાં બાંધકામ કરનારા બિલ્ડરો તમામ નિતિનિયમોને નેવે મુકી લાગતા વળગતા સત્તાધીશો જોડે સાંઠગાંઠ કરી મનફાવે તેમ બિંદાસ કામ કરી રહ્યા છે.

ઉપરોક્ત વિષયે ધાનેરાના જાગૃત નાગરીક દ્વારા નગરપાલિકાતંત્ર પાસે ખુલ્લેઆમ રીતે ગેરકાયદેસર રીતે ચાલતા બાંધકામો શોપીંગ સેન્ટરો અંગે વિગતો માંગવા આરટીઆઈ કરેલ. જેમાં જૂની શરતથી નવી શરતમાં અને ખોટે ખોટા કાગળો તૈયાર કરી સત્તાધારી રાજકીય પક્ષમાં જોડાયેલા રાજકારણીઓ બિલ્ડરો બનીને જેમ ફાવે તેમ તમામ નિયમોનો છેદ ઉડાડી બાંધકામો કરી રહ્યા છે. તેની માહિતી નગરપાલિકાના બાંધકામ શાખા પાસે માંગતા ગમે તે બ્હાના બતાવી વિગતો આપવા ભારે આનાકાની કરી મનમાની કરી રહ્યા છે.

ઉપરોક્ત આરટીઆઈનો સમય પસાર થઈ જતાં નાયબ કલેક્ટરે આ વિગતો પુરી પાડવા નગરપાલિકાના સંબંધીત સત્તાધીશોને હૂકમ કરતાં તેમના હૂકમને પણ માથાભારે કર્મચારી દ્વારા કચરા ટોપલીના હવાલે કરાતાં સમગ્ર ધાનેરામાં ભારે ચકચાર મચી જવા પામી છે.

આ કર્મચારી તેની ફરજ ભુલીને બિલ્ડરો દ્વારા નાણાંની રેલમછેલમા મસ્ત બની રાજકારણી બિલ્ડરો સાથે સેટીંગ કરી મનમાની કરતા હોવાના વ્યાપક આક્ષેપો ઉઠવા પામ્યા છે. કલેક્ટર આ અંગે ક્યારે લાલ આંખ કરશે ?





ગાંધીનગરમાં ૧૯૮૫ની સાલથી પરંપરાગત રીતે રથયાત્રાનો તહેવાર ઉજવાય છે. તે સમયે અમદાવાદમાં થયેલા કોમી હુલ્લડોના પગલે જ્યારે રથયાત્રા નીકળવા બાબતે અસમંજસ હતી ત્યારે ગાંધીનગરના કેટલાક યુવાનોએ ફુલશંકર શાસ્ત્રીજી સાથે મસલદી કરી રથયાત્રા કાઢવાનું બીડુ ઝડપ્યુ હતુ. તત્કાલીન અસરથી કરાયેલા આ આયોજનમાં શહેરમાં વસતા મારવાડી બંધુઓ તથા શાકભાજીના વેપારીઓનો સહકાર મળતા ઊંટલારીઓ તથા પ્રસાદ માટે કાકડી-જાંબુનો પ્રબંધ થઈ ગયો હતો અને ગાંધીનગરના ઈતિહાસની પ્રથમ રથયાત્રા નીકળી હતી. આ રથયાત્રાને તે સમયથી શહેરના મુસ્લિમ બિરાદરો વધાવી રહ્યા છે. અને શહેરમાં અનેક ઠેકાણે રથયાત્રાનું સ્વાગત કરાય છે. કેટલાક ફેરફારો બાદ કરતા રાબેતામુજબ નીકળતી ૩૧.૫ કિમી લાંબી રથયાત્રાના રૂટને પોલીસ દ્વારા વિવિધ પાસાઓના સંદર્ભે ચકાસણી કરવામાં આવી હતી. આ માટે પોલીસ કાફલા દ્વારા સમગ્ર રૂટ પર એક રાઉન્ડ લગાવી ઝીણવટપૂર્ણ ચકાસણી કરવામાં આવી હતી.

# સિનિયર સિટિઝન્સ કાઉન્સિલ દ્વારા ૩૫૦૦ નંગ ચોપડાનું વિતરણ કરાયું

ગાંધીનગર, તા.૩

સિનિયર સિટીઝન્સ કાઉન્સિલ ગાંધીનગર દ્વારા વિદ્યાર્થીઓને કીટનું વિતરણ કરાયું હતું. સિસિકા દ્વારા શહેરમાં સમાવિષ્ટ ગામની પ્રાથમિક શાળાઓમાં અભ્યાસ કરતા અંદાજે ૮૦૦ થી વધુ વિદ્યાર્થીઓને પેન્સીલ, રબર, બોલપેન અને ચોપડાનું વિતરણ કરવામાં આવ્યું છે. વિદ્યાર્થીઓને કીટ મળતા ખુશખુશાલ મુદ્રામાં જણાયા હતા.

સિનિયર સિટિઝન્સ કાઉન્સિલ ગાંધીનગર દ્વારા ફતેપુરા પ્રાથમિક શાળા, પેથાપુર બલરામ આશ્રમ શાળા, ધોળાકુવા, બાસણ અને જુના કોબા સરકારી પ્રાથમિક શાળામાં અભ્યાસ કરતા ધોરણ - ૧ થી ૪ના અંદાજે ૪૫૦ થી વધુ વિદ્યાર્થી ભાઈ-બહેનોને તેમજ ધોરણ- ૫ થી ૮ ના ૪૫૦ વિદ્યાર્થીઓને અંદાજીત ૫૬ ડઝન પેન્સીલ, ૩૩ ડઝન રબર, ૭૦ ડઝન બોલપેન અને ૩૫૦૦ નંગ નોટબુકોનું વિતરણ કરવામાં આવ્યું હતું.

સિસિકાની મહિલા પાંખના આશાબેન દોશી, મીનાબેન શાહ, સરોજબેન દેસાઈ, અનીલાબેન રાણા, શર્મિષ્ઠાબેન દવે, કોકીલાબેન મહેતા, દામીનીબેન લાખીમા તેમજ કાઉન્સિલના સભ્યો જે.એલ.શાહ, દશરથભાઈ પરમાર, સોમાભાઈ પરમાર, અક્ષયભાઈ રાણા, રસીકભાઈ ગાંધી અને કન્વીનર બી.ડી.શાહ સહિતના સભ્યો આ સેવામાં ઉત્સાહભેર જોડાયા હતા.

# અરવલ્લીમાં ડૉ. શ્યામાપ્રસાદ મુખરજીના બલિદાન સપ્તાહની ઉજવણી

મોડાસા, તા. ૩

અરવલ્લી જિલ્લામાં તમામ ૬ તાલુકા અને બે શહેરોના ૧૪૩ શક્તિકેન્દ્રોમાં આવેલા ૯૬૩ બુથો ઉપર જે તે બુથના કાર્યકર્તાઓ, બુથ પ્રમુખો-સભ્યો અને કાર્યકર્તાઓ દ્વારા આજરોજ ડૉ. શ્યામાપ્રસાદ મુખર્જીના બલિદાન સપ્તાહની ઉજવણી કરવામાં આવી હતી.

મોડાસા તાલુકા-શહેર સહિત જિલ્લાના તમામ શક્તિ કેન્દ્રોના તમામ બુથ ઉપર એક જ દિવસે ઉજવણીમાં આવેલ ડૉ. શ્યામાપ્રસાદ મુખર્જીના બલિદાન સપ્તાહ દરમિયાન જે તે બુથમાં કાર્યકરોને ડૉ. શ્યામાપ્રસાદ મુખર્જીના જીવનકવન અને દેશને માટે તેમણે આપેલા બલિદાનને યાદ કરી તેમના રાષ્ટ્ર ભક્તિના વિચારોને મૂર્તિમંત કરી દેશને વિશ્વના ઉચ્ચ શિખરે બિરાજમાન કરવા સૌ કાર્યકરોએ સંકલ્પ લીધા હતા અને દરેક બુથ ઉપર ડૉ. મુખર્જીની છબીને તેમના બલિદાનન યાદરૂપે પુષ્પો અર્પણ કરી કાર્યકર્તાઓએ તેમના જીવનની દેશ માટેના કામો-બલિદાનને વાગોળી આપણા રાષ્ટ્ર માટે કંક કરી છૂટવાની ભાવના વ્યક્ત કર હતી.



અરવલ્લીમાં દરેક ગામ અને દરેક બુથ ઉપર એક સરખા કાર્યક્રમો યોજવામાં આવ્યા હતા. જેમાં ભાજપ સહિત ગામના વરિષ્ઠો-મહિલાઓ અને ભાઈ-બહેનો ખુબ મોટી સંખ્યામાં જોડાયા હતા.

## એસટી દ્વારા હવે એસી વોલ્વો ભાડામાં વધારો

એક તરફ અસહ્ય મોંઘવારી અને ચીજવસ્તુઓના ભાવમાં સતત વધારો થઈ રહ્યો છે. જેના પગલે લોકોને જીવન જીવવું મુશ્કેલ બન્યું છે. તેવા સમયે રાજ્ય માર્ગ પરિવહન વિભાગ એટલે કે એસ.ટી દ્વારા તેની એસી બસો અને વોલ્વો બસોના ભાડામાં રૂપિયા ત્રણથી લઈને ૧૫૦ સુધીનો ધરખમ વધારો કરતા આ ભાડા વધારાને પગલે હવે મુસાફરો ખાનગી લકઝરી અને વાહનો તરફ વળે તેવા સંકેતો મળી રહ્યા છે. આ અંગે મળતી વિગતો અનુસાર ટ્રાન્સપોર્ટ યુનિટ પર નેગેટીવ ઝોનને દુર કરવામાં આવતા માર્ગ પરિવહન નિગમ દ્વારા એસી અને વોલ્વોના ભાડામાં આજથી રૂપિયા ત્રણથી લઈને ૧૫૦ સુધીનો વધારો ઝીંકવાનો નિર્ણય લેવામાં આવતા રાજયના મુસાફરો ઉપર આ ભાડા વધારાનો દર સર્વિસ ટેક્ષમાં આજથીજ વસુલ કરવાનો નિર્ણય લેવામાં આવતા એસ.ટી મુસાફરોને હવે ફરજીયાત અન્ય વિકલ્પ તરફ વળવાની ફરજ પડશે.

# શ્રી સોમનાથ કો-ઓપ. ક્રેડીટ એન્ડ કન્ઝ્યુમર્સ સોસાયટી લી.નો દ્વિ-દશાબ્દી મહોત્સવ યોજાયો

મહેસાણા, તા. ૩

મહેસાણા શહેરની શ્રી સોમનાથ કો-ઓપ. ક્રેડીટ એન્ડ કન્ઝ્યુમર્સ સોસાયટી લિમિટેડનો દ્વિ દશાબ્દી મહોત્સવ રાજયના આરોગ્ય મંત્રી નિતીનભાઈ પટેલ તેમજ ગૃહરાજ્ય મંત્રી રજનીકાન્ત પટેલના અધ્યક્ષ સ્થાને યોજાયો હતો.

સોસાયટીના દ્વિ દશાબ્દી મહોત્સવમાં ઉપસ્થિત રાજય આરોગ્ય મંત્રી નિતીનભાઈ પટેલે જણાવ્યું હતું કે નાણાંકીય સંસ્થાનો માપદંડ તેની ડિપોઝીટ પર છે જે સોસાયટીએ લોકવિશ્વાસ સંપાદન કરી ઉત્તરોત્તર વધારો કર્યો છે. જેની વિશ્વસનીયાતનું એક ઉત્તમ ઉદાહરણ છે. મહેસાણા જિલ્લો દરેક ક્ષેત્રમાં પ્રભાવશાળી રહ્યો છે. મહેસાણા જિલ્લો ઈતિહાસમાં પણ વર્ચસ્વ ધરાવતો હતો આજે પણ મહેસાણા જિલ્લાએ તેનો ભવ્ય ભુતકાળનો વારસો પકડી રાખ્યો છે.

ગૃહરાજ્ય મંત્રી રજનીકાન્ત પટેલે જણાવ્યું હતું કે મુડીવાદ, સમાજવાદ, સામ્યવાદ નિષ્ફળ નિવડ્યો છે ત્યારે હિન્દુસ્તાનનો સહકારવાદ વિકાસ માટેનું શ્રેષ્ઠ મોડલ પ્રસ્થાપિત થયું છે. મંત્રીએ સહકારીક્ષેત્રમાં કામ કરી જનસેવા કરતા કાર્યકરો સામાન્ય માનવીને બેઠો કરવાનું કામ કરે છે.

કાર્યક્રમમાં સહકારી ભારતીના અધ્યક્ષ કાન્તીભાઈ પટેલે જણાવ્યું હતું કે સહકારીક્ષેત્રના વિકાસના પાયામાં સભાસદો છે. કુશળ વહીવટકર્તાઓને પગલે આજે રાજ્યમાં ૨૨૫ જેટલી નાણાંકીય સંસ્થાઓ અગ્રેસરનું કામ કરી રહી છે. સહકારી ક્ષેત્ર દ્વારા જનહિત તેમજ સમાજ હિતનું કામ પણ કરવામાં આવે છે. જેમાં સ્વચ્છતા અભિયાન, જનધન યોજના સહિત વિવિધ કામગીરી સહકારી માળખા દ્વારા થઈ રહી છે. ગોતરકાના મહંતશ્રી બ્રહમચારી આશ્રમના પરમ પુજ્ય સ્વામી નિજાનંદજીએ આશિર્વચન આપ્યા હતા

કાર્યક્રમમાં સ્થાપક પ્રમુખ અને નિવૃત ડિરેક્ટરોનું સન્માન કરવામાં આવ્યું હતુ. ધિરાણ ખાતેદારનો પ્રતિભાવો રજુ કરાયા હતા. સભાસદોના બાળકોને પ્રોત્સાહિત ઈનામો આપવામાં આવ્યા હતા. સોસાયટીના મહોત્સવના કાર્યક્રમમાં શ્રી સોમનાથ કો-ઓપ.ક્રેડીટ એન્ડ કન્ઝ્યુમર્સ સોસાયટીના ચેરમેન ડો. ભરતભાઈ પ્રજાપતિ, વાઈસચેરમેન બાબુલાલ એમ પ્રજાપતિ, મેનેજીંગ ડિરેક્ટર મગનલાલ પ્રજાપતિ, સોસાયટીના ડિરેકટરો, સભાસદો ઉપસ્થિત રહ્યા હતા.



## દરિયામાં ઉંચા મોજા ઉછળી શકે : સાવધાન રહેવા સૂચન

અમદાવાદ, તા.૩

દક્ષિણ ગુજરાત અને સૌરાષ્ટ્રમાં ભારે વરસાદ જારી રહ્યો છે ત્યારે ભારે વરસાદની ચેતવણી જારી કરવામાં આવી છે. બીજી બાજુ તીથલના દરિયામાં છથી આઠ ફૂટ જેટલા ઉંચા મોજા ઉછળ્યા હોવાના પણ અહેવાલ મળ્યા છે. દરિયામાં ઉંચા મોજા ઉછળવાની ચેતવણી જારી કરવામાં આવી છે જેથી તમામ માછીમારોને સાવધાન રહેવા માટેની સલાહ આપવામાં આવી છે. હવામાન વિભાગ તરફથી ગુજરાત માટેની આગાહીમાં જણાવવુામાં આવ્યું છે કે, આગામી પાંચ દિવસ દરમિયાન હળવા ઝપટા પડી શકે છે. દક્ષિણ ગુજરાતના વિસ્તારો આજે જળબંબાકારની સ્થિતિમાં રહ્યા હતા. ૪૦થી વધુ તાલુકાઓમાં ચાર ઈંચથી વધુ વરસાદ નોંધાયો છે. મધુવન ડેમમાં સાત હજાર ક્યુસેક પાણીની આવક થઈ હોવાનું જાણવા મળ્યું છે. અન્ય બંધમાં પણ પાણીની આવક શરૂ થઈ ગઈ છે. બીજી બાજુ દાદરાનગર હવેલીમાં પણ વરસાદની આગાહી કરવામાં આવી છે. સૌરાષ્ટ્ર અને કચ્છમાં પણ ભારે વરસાદ થઈ રહ્યો છે. દક્ષિણ ગુજરાતમાં આજે રવિવારે ભારે વરસાદ થતાં જળબંબાકારની સ્થિતિ સુરત શહેરના નિચાણવાળા વિસ્તારોમાં જોવા મળી હતી. દરિયાઈ મોજા ઉછળવાની ચેતવણી પણ જારી કરવામાં આવી છે.

# આંગડિયાની રોકડ રકમના થેલાની ચોરી કરનારા જબ્બે

અમદાવાદ, તા.૩

પંદર દિવસ અગાઉ દાણીલીમડા ખાતે બે બાઈક સવારે એ એક આંગડીયા કર્મચારીની નજર ચુકવી રોકડ રકમ ભરેલા થેલાની ચોરી કરનાર ચાર આરોપીઓને ક્રાઈમબ્રાંચે પકડી પાડ્યો હતો. આરોપીઓને જુહાપુરા શાસ્ત્રીબ્રીજ ખાતેથી ઝડપી પાડ્યા હતા. આરોપીઓ પાસેથી રોકડ રકમ અને બે બાઈક સાથે મળી આવતા કબ્જે કર્યો હતો. અમદાવાદ ક્રાઈમ બ્રાંચ ટીમ પેટ્રોલીંગમાં હતા. તે દરમ્યાન બાતમી મળી હતી. બાતમીના આધારે જુહાપુરા શાસ્ત્રીબ્રીજ પાસેથી આરોપીઓ ૧. મુસ્તાક સલીમભાઈ ચૌહાણ (ઉ.વ.૨૯) ૨. ઈસ્માઈલ ઉર્ફે અજ્જુ ઈબ્રાહીમભાઈ કુરેશી (ઉ.વ.૨૨) (૩) મુસ્તુફા મહમદભાઈ પઠાણ (ઉ.વ.૨૫) અને (૪) સમીર હમીદભાઈ પઠાણ (ઉ.વ.૨૧)નાઓની ધરપકડ કરી હતી. આરોપીઓ પાસેથી રોકડ રકમ રૂ. ૧૦,૦૦૦ અને બે બાઈક રૂ. ૧,૨૫,૦૦૦ સાથે મળી આવતાં કબ્જે કર્યો હતો. પકડાયેલા ચારેય આરોપીઓની સઘન પુછપરછ કરતાં પંદર દિવસ અગાઉ ચારેય આરોપીઓ સાંજના સુમારે બાઈક પર વિશાલા સર્કલ થઈ નારોલ સર્કલ થઈ અસલાલી તરફના રોડ પર જઈ રહ્યો હતો. તે દરમ્યાન એક બાઈક ચાલક વારંવાર હોર્ન મારતો હતો. આરોપી ઈસ્માઈલએ ઉતાવળ છે તેમ કહીને બોલાચાલી કરી ઝપાઝપી કરી હતી. ત્યારબાદ ચારેય આરોપી નારોલ સર્કલ પર આંગડીયા પેઢીની આવેલ હોવાથી અને આંગડીયા પેઢી બંધ થતી હોવાથી ચારે આરોપીઓ ઊભા રહી ગયા હતા. થોડીવાર પછી આંગડીયા પેઢીનો કર્મચારી ઓફીસ બંધ કરી રોકડ રકમ ભરેલ બેગ લઈ બાઈક લઈને દાણીલીમડા તરફ રવાના થયો હતો. ચારેય આરોપીઓ બાઈક પર બેસી પીછો કરતા હતા. દાણીલીમડા ખાતે પહોંચતા આરોપી ઈસ્માઈલનાએ આગડીયા પેઢીના કર્મચારીને એક છોકરીની છેડતી કરે છે તેમ કહીને બાઈક ઊભી રખાવી હતી. આરોપી મુસ્તાક ચૌહાણ બાઈક પરથી આંગડીયા પેઢીના કર્મચારીનું બેગ પકડી જુટવા લાગ્યો હતો. આરોપી ઈસ્માઈલએ તેની પાસે રહેલી કાતર વડે મારવાની કોશિષ કરી હતી. પરંતુ આંગડીયા પેઢીનો કર્મચારી ગભરાઈ ગયો હતો.

## ટ્રાફિક ભારણને નિયંત્રિત કરવા લેફ્ટ ટર્ન દુર કરાશે

શહેરમાં છેલ્લા કેટલાક સમયથી વિકટ બનતી જતી ટ્રાફિક જામની પરિસ્થિતિ તેમજ ટ્રાફિક ભારણને નિયંત્રિત કરવા મ્યુનિસિપલ તંત્ર દ્વારા જંકશન ઉપરના લેફ્ટટર્ન બદલે રસ્તાની પહોળાઈ મુજબ ડિવાઈડર લંબાવવા અંગે યોજના તૈયાર કરવામાં આવી છે આમ થવાથી એક વખત કોઈપણ વાહનચાલક ભૂલથી કોઈ લેનમાં પ્રવેશી જશે તો તેને ફરજીયાત તે પછીના જંકશન ઉપરથી તેનું વાહન પાછુ વાળવું પડશે. આ અંગેની વિગત એવી છે કે, હાલની પરિસ્થિતિમાં કોર્પોરેશનના હદ વિસ્તારમાં ૨૬૦૦ કીલોમીટરના જુદી જુદી લંબાઈ અને પહોળાઈના રસ્તાઓ આવેલા છે. હાલ કોર્પોરેશનની હદ કુલ ૪૬૬ ચોરસ કીલોમીટર સુધીની છે. આ પરિસ્થિતિમાં આશરે ૪૦૦ કી.મીના નોન ટીપી જાહેર અવર જવરના રસ્તા સાથે આશરે ૧૦૦થી ૨૦૦ કીમીના કાચા રસ્તાઓને ધ્યાનમાં લેવામાં આવે તો તે સંજોગોમાં પણ હાલમાં પાંચ થી છ ટકા વિસ્તારમાં રસ્તાનું નેટવર્ક જોવા મળે છે. જે સામાન્ય જરૂરીયાત એટલે કે ૧૦ ટકા કરતા ધણુ ઓછું છે. બીજી તરફ અમદાવાદ શહેર અને જિલ્લાના મળી કુલ વાહનોની સંખ્યા ૪૦ લાખ ઉપર પહોંચવા પામી છે. આ ઉપરાંત અમદાવાદમાં બહારગામના પણ વાહનો મોટી સંખ્યામાં રોજ બરોજ આવે છે. આ પરિસ્થિતિમાં શહેર ટ્રાફિક પોલીસ દ્વારા કંટ્રોલની કામગીરી કરવામાં આવી રહી છે. ૫

### આત્મઘાતી હુમલો

● અનુસંધાન પહેલાનું ચાલુ

આત્મઘાતી હતો. આગામી મહિનામાં રમઝાનના પવિત્ર મહિનાની પૂર્ણાહૂતિ થનાર છે. ઈદની ઉજવણી કરવામાં આવનાર છે. ઈદને લઈને શહેરમાં મોટી સંખ્યામાં લોકો ખરીદી કરવા માટે નિકળ્યા હતા. સોશિયલ મિડિયા ઉપર પોસ્ટ કરવામાં આવેલા વિડિયોમાં સ્પષ્ટપણે દેખાય છે કે, કર્રાદાના મુખ્ય માર્ગ પર બ્લાસ્ટ કરવામાં આવ્યા બાદ આગ ફાટી નિકળી હતી. ફોટાઓમાં દર્શાવવામાં આવ્યું છે કે, આ બ્લાસ્ટમાં ઓછામાં ઓછી ચાર ઈમારતોને ભારે નુકસાન થયું છે. માર્ગની બાજુમાં અડધી રાત્રે અલસહાબ માર્કેટમાં પણ બ્લાસ્ટ કરવામાં આવ્યો હતો. પાટનગર બગદાદના ઉત્તરીય વિસ્તારમાં લોકપ્રિય સિયા ડિસ્ટ્રીક્ટ છે. પોલીસ અને મેડિકલ સૂત્રોનું કહેવું છે કે, આ હુમલામાં ઓછામાં ઓછા બે લોકો માર્યા ગયા હતા. ઈરાકી દળોએ આક્રમક કાર્યવાહી કરીને ગયા મહિનામાં ઈસ્લામિક સ્ટેટના ત્રાસવાદીઓને ફલુજાથી ખદેડી મુક્યા હતા. ફલુજાને આઈએસના મોટા ગઢ તરીકે ગણવામાં આવતો હતો. આઈએસે આત્મઘાતી હુમલો કરીને દાવો કર્યો હતો કે, ઈરાકી સૈનિકોને જવાબ આપવામાં આવ્યો છે. સુરક્ષા અભિયાન હેઠળ આને અંજામ અપાયો છે. જેહાદી સંગઠને કહ્યું છે કે, બોંબ હુમલામાં ઈરાકના સિયા મુસ્લિમ સમુદાયના લોકોને ટાર્ગેટ બનાવવામાં આવ્યા છે. આઈએસના લોકો સિયા મુસ્લિમોને ધર્મવિરોધી ગણે છે. બગદાદ તથા આસપાસના વિસ્તારોમાં તેમને ટાર્ગેટ બનાવીને વારંવાર હુમલા કરવામાં આવે છે. એક સપ્તાહ પહેલા જ ઈરાકી સુરક્ષા દળોએ બગદાદથી ૫૦ કિલોમીટરના અંતરે સ્થિત પશ્ચિમમાં ફલુજા શહેર ઉપર સંપૂર્ણપણે કબજો જમાવી લીધો હતો. અહીં આઈએસનું પ્રભુત્વ હતું.

### હટાવવાની તાકાત

● અનુસંધાન પહેલાનું ચાલુ

આવે તે જરૂરી છે જેથી આ પ્રદેશમાં કેન્દ્રથી આવનાર તમામ યોજનાઓનો સંપૂર્ણ લાભ લઈ શકાય. શાહે આક્ષેપ કરતા કહ્યું હતું કે, વડાપ્રધાન નરેન્દ્ર મોદીની પાક વિમા યોજનાનો લાભ પ્રદેશના ખેડૂતોને અખિલેશ યાદવ સરકારની લાપરવાહીના કારણે મળી રહ્યો નથી. વડાપ્રધાનની આ યોજનામાં પાકથી લઈને અન્ય તમામ સુવિધાઓની વાત કરવામાં આવી છે. ખેડૂતોના અનાજના પાકની પણ આમા જોગવાઈ કરવામાં આવી છે પરંતુ અખિલેશ યાદવ આ યોજના માટે સમય પર ટેન્ડર આપી રહ્યા નથી જેથી ખેડૂતોના અધિકારો પર માઠી અસર થઈ છે.

આ વખતે ખેડૂતો પણ પોતાના હકને આંચકી લેનાર સપા સરકારને બોધપાઠ ભણાવવા માંગે છે. ભાજપ અધ્યક્ષે કહ્યું હતું કે, કોંગ્રેસના રાહુલ ગાંધી ભાજપની કેન્દ્ર સરકાર પાસેથી બે વર્ષનો હિસાબ માંગે છે. તેમને દેશની જનતાએ જવાબ આપી દીધો છે. ૧૦ વર્ષમાં આ દેશને કોંગ્રેસ સરકારે શુ આપ્યું હતું. એક ન બોલનાર વડાપ્રધાન આપ્યા હતા. જેમના અવાજને સાંભળવા માટે દેશના લોકો ૧૦ વર્ષ સુધી તરસી ગયા હતા. લોકોની સમસ્યાઓને સાંભળવામાં આવી રહી ન હતી. હવે લોકોએ એક એવા વડાપ્રધાનની પ્રશંસા કરી છે જે દેશની ગરીબીને દૂર કરવા માટે અનેક સાર્થક પગલાઓ લઈ ચુક્યા છે.


**ગુજરાત પાવર કોર્પોરેશન લી.**

બ્લોક નં. ૮, છઠ્ઠો માળ, ઉદ્યોગ ભવન, સેક્ટર-૧૧, ગાંધીનગર-૩૮૨૦૧૧

**જાહેર નિવિદા**

ગુજરાત પાવર કોર્પોરેશન લિ. ગાંધીનગરને તેના એક પ્રાયોગીક પ્રોજેક્ટમાં ઈલેક્ટ્રીક વાહનો ચાલાવવા માટેનો કોન્ટ્રાક્ટ આઉટ સોર્સીંગથી એક વર્ષ માટે આપવાનો છે. ટુર ઓપરેટર્સ, ખાનગી વાહન ચાલકો અથવા રસ ધરાવતા ઈજારદારો / ફર્મ / વ્યક્તિ તારીખ : ૪/૭/૨૦૧૬થી ભાવ દરખાસ્ત પત્રક ઉપરોક્ત જીપીસીએલની વેબસાઈટ www.gpcl.gujarat.gov.in પરથી મેળવી લેવાનું રહેશે. ભરેલ ભાવ દરખાસ્ત તારીખ ૧૬/૭/૨૦૧૬ બપોરના ૩:૦૦ કલાકે જમા કરાવવાની રહેશે.

જનરલ મેનેજર
ગુજરાત પાવર કોર્પોરેશન લીમીટેડ

માહિતી/૮૬૪/૨૦૧૬-૧૭